RAN-25090011050500010

# RAN-2509001105050001

## BRS (SD) (Sem.- V) Examination November - 2025

## Rural Enterpreneurship

**Time: 2 Hours ]** **[ Total Marks: 50**

**સૂચના : / Instructions**

(1) ઉપરોક્ત દર્શાવેલ વિગતો ઉત્તરવહી પર અવશ્ય લખવી.
Fill up strictly the above details on your answer book

(2) દરેક પ્રશ્ન ફરજિયાત છે.

(3) જમણી બાજુના અંક પ્રશ્નના પૂરા ગુણ દર્શાવે છે.

Seat No.:

Student's Signature

**પ્ર.1. યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો. (કોઈ પણ 8)** **8**

1. ———— ના મત પ્રમાણે "ઉદ્યોગ સાહસિક તે વ્યક્તિ છે જે હંમેશા પરિવર્તનની ખોજ કરતો હોય છે, તેના ઉપર પ્રતિક્રિયા કરતો હોય છે અને તકનો લાભ ઉઠાવતો હોય છે."
   A. રિર્ચડ કેન્ટોલી B. એલ. રીચાર્ડસન
   C. ડેવિડ મેકલેલેન્ડ D. પીટર એફ. ડ્રકર
2. ———— એ ઔદ્યોગિક વિકાસનુ એન્જીન છે જેના દ્વારા ઔદ્યોગિક વિકાસ ગતિ પ્રાપ્ત કરે છે.
   A. વર્ચસ્વ B. સંગઠન
   C. પ્રભુત્વ D. નેતૃત્વ
3. નીચે પૈકી ક્યો સિદ્ધાંત આલ્બર્ટ બેન્ડુરા દ્વારા વિકસાવવામાં આવેલો એક મનોવૈજ્ઞાનિક સિદ્ધાંત છે.
   A. આત્મ-કાર્યક્ષમતા સિદ્ધાંત B. સિદ્ધિ-પ્રેરણાનો સિદ્ધાંત
   C. લોકસ ઑફ કંટ્રોલ સિદ્ધાંત D. બધાંજ
4. ———— ધરાવતી વ્યક્તિ નિષ્ફળતા માટે નસીબ, સંજોગો અથવા અન્ય લોકોને દોષ આપે છે.
   A. આંતરીક લોકસ ઑફ કંટ્રોલ B. બાહ્ય લોકસ ઑફ કંટ્રોલ
   C. A અને B બન્ને D. એકપણ નહિ
5. જાહેર ખરીદી નીતિ (Public Procurement Policy) હેઠળ, કેન્દ્ર સરકારના વિભાગો અને જાહેર ક્ષેત્રના ઉપક્રમો (PSUs) માટે MSME પાસેથી કેટલા ટકા હિસ્સો ફરજિયાતપણે ખરીદવો પડે છે?
   A. 10% B. 15%
   C. 20% D. 25%
6. કઈ સંસ્થાનું મુખ્ય કાર્ય રાજ્યમાં ઔદ્યોગિક વસાહતો, રોડ અને વીજળી જેવી માળખાગત સુવિધાઓનો વિકાસ કરવાનું છે?
   A. રાજ્ય નાણાકીય નિગમો (SFCs) B. જિલ્લા ઉદ્યોગ કેન્દ્રો (DICs)
   C. રાજ્ય MSME બોર્ડ D. રાજ્ય ઔદ્યોગિક વિકાસ નિગમ (SIDCs)
7. MSME અને SME વચ્ચેનો મુખ્ય તફાવત શું છે?
   A. MSME માત્ર નિકાસ કરતા ઉદ્યોગો માટે છે, જ્યારે SME સ્થાનિક બજારો માટે છે.
   B. MSME એ વૈશ્વિક શબ્દ છે જ્યારે SME એ ભારત માટે વિશિષ્ટ છે.
   C. MSME રોકાણ અને ટર્નઓવર પર આધારિત છે, જ્યારે SME દેશ/ સંસ્થા પ્રમાણે બદલાય છે.
   D. MSME માં મધ્યમ ઉદ્યોગોનો સમાવેશ થતો નથી, જ્યારે SME માં થાય છે.

8. ''સ્થાન'' ક્યા વિષય સાથે જોડાયેલું છે?
   A. પ્રોડક્ટનો આકાર B. ગ્રાહકો સુધી પહોંચવાનો રસ્તો
   C. ઉત્પાદન ખર્ચ D. જાહેરાત
9. ખેડૂત બજારમાં શાકભાજી વેચે છે. આ કયું વિતરણ છે?
   A. સીધો (Direct) B. અપ્રત્યક્ષ (Indirect)
   C. વિશિષ્ટ D. પસંદગીયુક્ત
10. કંપની ગ્રાહકોને ઈ-મેઈલ, વોટ્સએપ કે સોશિયલ મીડિયા દ્વારા જાણ કરે છે, તે ક્યા પ્રકારનો પ્રચાર છે?
   A. જનસંપર્ક B. સીધુ માર્કેટિંગ
   C. જાહેરખબર D. બ્રાન્ડ મેનેજમેન્ટ

**પ્ર.2. ટૂંકમાં જવાબ લખો. (કોઈ પણ બે)** **6**
1. પ્રોડકશન મેનેજમેંટમાં ક્યાં પરિબળો અવરોધ કરી શકે છે, યાદી બનાવો.
2. ઉદ્યોગ સાહસિકના લક્ષણો જણાવો.
3. MSME દ્વારા આત્મનિર્ભરતા કેવી રીતે બની શકાય છે સમજાવો.

**પ્ર.3.** ગ્રામીણ વિકાસ માટે ગ્રામીણ ઉદ્યોગસાહસિકતા જરૂરી છે - સમજાવો. **12**

**અથવા**

**પ્ર.3.** ભારતમાં ઉદ્યોગસાહસિકતાના ઝડપી વિકાસ માટે તમારા સૂચનો આપો. **12**

**પ્ર.4.** રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા ઉદ્યોગસાહસિકોને પ્રોત્સાહન આપવા માટેની સંસ્થાઓની યાદી તૈયાર કરી રાજ્ય કક્ષાની સંસ્થાઓની વિગતવાર સમજૂતી આપો. **12**

**અથવા**

**પ્ર.4.** ઉત્પાદન વ્યવસ્થાપન માટેના તબક્કાઓ સમજાવો. **12**

**પ્ર.5. ટૂંકનોંધ લખો. (કોઈપણ બે)** **12**
1. સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો વચ્ચેનો તફાવત
2. સિદ્ધિ-પ્રેરણાનો સિદ્ધાંત
3. ઉદ્યોગમાં પ્રેરણાની જરૂરિયાત

---